सत्यमेव जयते

સચિવ


ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020/ 9838 - 9913
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in


તારીખ: 04/09/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી,તમામ

વિષયઃ સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા.૨૮/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ અને ઓગસ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

સપ્ટેમ્બર માસમાં લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ધોરણ ૩ અને ૪ માં ગુજરાતી અને ગણિતની કસોટીઓ લેવાશે. ધોરણ ૫ માં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીની કસોટી લેવાશે જયારે ધોરણ ૬ થી ૮ માં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયની કસોટીઓ લેવાશે. અત્રે ધ્યાન દોરવાનું કે શિક્ષણ વિભાગના તારીખ 12-02-2020 ના ઠરાવ મુજબ ગુજરાતી(પ્રથમભાષા), ગણિત, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની સમાન કસોટીઓ લેવાની હોય છે. આ વખતે આ ચાર વિષયો ઉપરાંતના જે વિષયો છે તે વિષયોની કસોટીઓ સ્વનિર્ભર અને અનુદાનિત શાળાઓ સ્વૈચ્છિક રીતે લઇ શકે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૬ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૫/૦૯/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા. ૨૫/૦૯/૨૦૨૦ ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટી જે તે વિષયનાં પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code માં પણ જોઈ શકાશે.

Scanned by CamScanner

- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીના અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહી તા. ૦૫/૧૦/૨૦૨૦ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- ગુજરાતી માધ્યમમાં ગુજરાતીની કસોટી હોય ત્યાં અન્ય માધ્યમમાં જે તે માધ્યમની પ્રથમભાષાની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યાં હિન્દી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી લેવામાં આવશે.
- ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યા અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (દ્વિતીયભાષા)ની કસોટી લેવામાં આવશે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટી તૈયાર કરવામાં આવશે. ગુજરાતી અને ગણિત વિષયની કસોટીમાં જુલાઈ માસમાં લેવામાં આવેલ અભ્યાસક્રમ સપ્ટેમ્બર માસની કસોટીમાં સમાવિષ્ટ કરવામાં આવશે નહિ. કસોટીના અભ્યાસક્રમની નકલ આ સાથે સામેલ છે.

સચિવ

જીસીઈઆરટી

ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન.શિક્ષણસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી. એસ.એસ.એ કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

ક્રમાંક:એસએસ/QEM/૨૦૨૦/૧૮૪૩૯-૧૮૫૯૨
સમગ્ર શિક્ષા, જિ.વડોદરા, તા.૧૭/૯/૨૦૨૦

પ્રતિ,
(૧)શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, (૨)તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ, (૩)બીઆરસી કો-ઓર્ડિનેટરશ્રી તમામ, જિ.વડોદરા

ઉપરોક્ત પરિપત્રની વિગતે સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે લેવાનાર સામયિક કસોટી અંગે આપવામાં આવેલી સૂચનાઓ ધ્યાને લેશો. પરિપત્રમાં આપવામાં આવેલી તમામ સૂચનાઓ મુજબ સમયસર અને સૂચવ્યા અનુસાર સામયિક કસોટીનું અસરકારક આયોજન અને અમલીકરણ થાય તે ખૂબ જરૂરી છે. આથી આપની કક્ષાએથી તમામ શાળાના આચાર્યશ્રીઓ/ શિક્ષકો સુધી આ વિગતો પહોંચાડી અમલ કરાવવા જણાવવામાં આવે છે. વાલીઓને પણ આ માહિતી પહોંચાડવાની રહેશે.

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા, જિ.વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારી
I/C વડોદરા

Scanned by CamScanner

# સામયિક મૂલ્યાંકન કસોટી (સપ્ટેમ્બર, ૨૦૨૦ આયોજન)

| ક્રમ | વિષય-પાઠ્યક્રમ | ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | વિષય | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3 | 3,4 | 3,4 | 3 to 6 | 3 to 7 | 3 to 7 |
| 2 | વિષય | ગણિત | ગણિત | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) | અંગ્રેજી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | 2,3,4 | 3,4 | Little Step 1 to 4 | 1,2 | 1,2,3 | 1,2,3 |
| 3 | વિષય | | | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) | હિન્દી (દ્વિતીયભાષા) |
| | પ્રકરણ (એકમ) | | | 1 to 5 | 1 to 6 | 1 to 6 | 1 to 6 |
| 4 | વિષય | | | | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| | પ્રકરણ (એકમ) | | | | 1 to 6 | 1 to 6 | 1 to 6 |

નોંધઃ ઉપરોક્ત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષા તેમજ દ્વિતીયભાષા (ગુજરાતી) કસોટીઓમાં જે તે માધ્યમના અભ્યાસક્રમ આયોજન મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

Scanned by CamScanner